# સે-૬માં કાર્યરત પોસ્ટ કચેરી માટે સેકટરમાં જ વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવા માંગણી

**જુના અને જર્જરીત આવાસો તોડવાની ગતિવિધિઓના લીધે પોસ્ટ કચેરીને અન્ય જગ્યાએ ખસેડવા હીલચાલ : ૫૦૦ થી વધુ પેન્શનરો માટે શિરદર્દ : સેકટરમાં અન્ય ઠેકાણે આવાસ ફાળવવા માંગણી**

ગાંધીનગર તા ૨૭

સે-૬ સ્થિત પોસ્ટ કચેરી હાલ ચ-૧ કક્ષાના સરકારી આવાસમાં કાર્યરત છે. જયારે જુના અને જર્જરીત આવાસો તોડવાની કામગીરી દરમિયાન આ પોસ્ટ



કચેરી હવે અન્યત્ર ખસેડવા હીલચાલ હાથ ધરાઈ છે ત્યારે આ પોસ્ટ કચેરીમાં નવા સેકટરમાં રહેતા ૫૦૦ થી વધુ પેન્શનર્સના ખાતા હોવાથી સિનિયર સિટીઝન્સ દુર અવરજવર ન કરવી પડે તે માટે નજીકમાં જ વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવાય તેવી માંગ ઉઠવા પામી છે.

શહેરના સે-૬ માં નિકાલ હેઠળના મકાનો તોડવામાં આવ્યા બાદ સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના જોખમી મકાનોનો પમ તબક્કાવાર કડુસલો કરવામાં આવી રહ્યો છે. સે-૬ માં નવા આવાસો બાંધવાનુ આયોજન કરાયુ છે. ત્યારે હાલ દાયકાઓ જુના જોખમી મકાનો તોડવામાં આવી રહ્યા છે. સેકટરમાં જોખમી મકાનો તોડી નવા મકાનો બાંધવા માટે પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ત્યારે હાલ જુના અને જર્જરીત મકાનમાં કેટલીક કચેરીઓ પણ કાર્યરત છે. જેમાં સે-૬ ની પોસ્ટ કચેરી પણ સેકટર-૬ માં ચ-૧ કક્ષાના આવાસમાં છેલ્લા ૧૫ વર્ષથી કાર્યરત છે. જેના લીધે નવા સેકટરોમાં રહેતા નિવૃત પેન્શનરોને પણ સરળતા રહે છે. આ કચેરીમાં ૫૦૦ થી વધુ પેન્શનર્સના ખાતા હોવાથી નવા સેકટરમાં રહેતા નિવૃત સરકારી કર્મચારીઓને પોસ્ટ કચેરીમાં અવર જવર કરવાનુ પણ સરળ અને નજીક રહે છે. જેના લીધે તેમનુ કામ પણ ઝડપથી નિપટાવી શકાય છે. આવા સંજોગોમાં જુના સરકારી આવાસમાં કાર્યરત કચેરી આવાસ તોડવાના હોવાથી અન્યત્ર ખસેડવા માટે માર્ગ મકાન વિભાગ દ્વારા સુચના આપી દેવામાં આવી છે. ત્યારે બીજીતરફ આ કચેરી નગરની મુખ્ય પોસ્ટ કચેરીમાં હાલ કાર્યરત કરવા માટે પણ વિચારણા ચાલી રહી છે. ત્યારે પોસ્ટ વિભાગની આ ગતિવિધિઓ સામે નિવૃત કર્મચારીઓમાં પણ પ્રબળ રોષની લાગણી વ્યાપી છે. સેકટરમાંથી પોસ્ટ કચેરી અન્ય જગ્યાએ ખસેડવામાં આવે તો શારિરીક અશક્ત વડીલોએ તેમના કામકાજ માટે દુર સુધી લાંબા થવુ પડે તેમ છે. આ સ્થિતિ વચ્ચે સેકટરમાં જ વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવી અન્ય ઠેકાણે આવાસ ફાળવી પોસ્ટ કચેરી કાર્યરત રાખવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. બીજીતરફ પોસ્ટ કચેરી માટે ફાળવવામાં આવેલી જગ્યા પણ લાંબા સમયથી પડતર છે. જેનો કોઈ ઉપયોગ થતો ન હોવાનો આક્રોસ પણ સિનિયર સિટીઝન્સે વ્યકત કર્યો છે.

# જિલ્લામાં વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતાતુર

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં વરસાદ ખેંચાતા ખેડૂતોમાં ચિંતાની લાગણી પ્રસરેલી જોવા મળી રહી છે. એકાદ સપ્તાહમાં વરસાદ ના થાય તો ખરિફ ઋતુની ખેતી અંગે પ્રશ્નો ઉભા થશે તેમ જાણવા મળેલ છે.

વાયુ વાવાઝોડાને પગલે જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૦ ટકા જેટલો વરસાદ થઈ ચુક્યો છે. ચોમાસુ હજુ સક્રિય થયુ નથી. આથી ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. દિવસ દરમ્યાન ગરમીનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યુ છે.

ખરીફ ઋતુનું જિલ્લામાં ૨૪ હજાર હેકટર જેટલુ વાવેતર થઈ ગયુ છે પરંતુ વરસાદ જે રીતે ખેંચાઈ ગયો છે તેનો પગલે ખેડૂતોએ હાલ વાવણીની કામગીરી લગભગ સ્થગિત કરી દીધી છે. જે વિસ્તારમાં વાવેતર થયુ છે તેને બચાવવાની ચિંતા ખેડૂતોમાં જોવા મળી રહી છે.

ખરીફ ઋતુના વાવેતરની પેટર્નમાં પણ બદલાવ જોવા મળી રહ્યો છે. ઘાસચારો અને શાકભાજીના પાકોનું વાવેતર સારૂ એવુ થયુ છે જયારે આ પછી મગફળી અને કપાસનું વાવેતર આવે છે. વરસાદ ખેંચાતા મગફળી અને કપાસના પાકને લઈ ખેડૂતોમાં ચિંતાની લાગણી જોવા મળી રહી છે.

રથયાત્રા સુધીમાં વરસાદ થશે તો ખરીફ ઋતુને ફાયદો થશે. જમીનમાં ગરમીને કારણે ભેજ પણ ઘટવા લાગ્યો છે જેથી ખેડૂતો ચિંતાતુર બન્યા છે.

રાજયમાં આમ તો ચોમાસાનું વિધિવત્ આગમન થઈ ચુક્યુ છે તેવી જાહેરાત હવામાન વિભાગે કરી છે પરંતુ ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતમાં હજુ જોઈએ તેવો વરસાદ થયો નથી જે નોંધનીય છે.



## જિલ્લામાં પહેલી જુલાઈથી જળશક્તિ અભિયાન હાથ ધરાશે

**ભારત સરકારના દિશા-નિર્દેશ પછી સરકાર હરકતમાં આવી**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં ૧લી જુલાઈથી જળશક્તિ અભિયાન હાથ ધરવામાં આવશે. આ અભિયાનના આયોજનને લઈ આજે જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગા દ્વારા એક ખાસ બેઠક પણ યોજવામાં આવી હતી. આ અભિયાન ૧૫ સપ્ટે. સુધી ચાલશે.

ભારત સરકારની સૂચના અને નિર્દેશોના પગલે આ જળશક્તિ અભિયાનનું આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત જિલ્લામાં જળસંરક્ષણ અને જળસંચય અભિયાન સઘન બનાવવામાં આવશે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં ભૂગર્ભ જળમાંથી જે પાણી પુરવઠો મેળવી રહ્યા છે તને બદલે નર્મદાનું પાણી લે તે માટે ખાસ જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવશે.

ગ્રામીણ વિસ્તારોમાં નવા બોર માટે હાલ મંજૂરી નહિ આપવામાં આવે તેવો મહત્વનો સંકેત પણ ભારત સરકારે આપ્યો છે. ભૂગર્ભ જળ સમતળ થાય તેવા સ્થળોની પસંદગી કરી અને તંત્રએ અલગથી તારવવાના રહેશે. વરસાદી પાણીનો સંગ્રહ વધુમાં વધુ થાય તે માટે તળાવો ઊંડા કરવા ઉપરાંત ચેકડેમોનું નિર્માણ કરવુ જેવા વિવિધ કાર્યક્રમો હાથ ધરાશે. મળતી વિગતો પ્રમાણે તળાવો અને નદી કિનારે ખાસ વૃક્ષારોપણના કાર્યક્રમો કરવા અને વધુ વૃક્ષોનું વાવેતર થાય તેના પર ભાર મુકવો. ૧૫મી સપ્ટેમ્બર સુધી આ અભિયાન ચાલશે. પાણી પુરવઠા વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હમણાં કેબિનેટ સેક્રેટરી ભારત સરકારે આ અંગે એક ખાસ વિડીયો કોન્ફરન્સ પણ કરી હતી. જેમાં બે તબક્કામાં આ જળશક્તિ અભિયાન હાથ ધરવાને લઈ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ જે નોંધનીય છે.

## આર.ટી.ઓ. કચેરીમાં ટેકનિકલ ખામી નિવારવા ઈન્ટરનેટની સુવિધામાં બદલાવ

ગાંધીનગર તા ૨૭

નગરના ગ માર્ગ પર સ્થિત હાઈટેક આર ટી ઓ કચેરીમાં છાશવારે સર્વર ડાઉન થવાની ફરિયાદોના લીધે અરજદારોના કામ અટવાય છે.આર ટી ઓની વહીવટી કામગીરી પર વિપરિત અસર પણ મંદ ઈન્ટરનેટ સેવાના લીધે વર્તાઈ રહી છે. ત્યારે આર ટી ઓ દ્વારા હવે જી ટી પી એલની ઈન્ટરનેટ સેવાનો ઉપયોગ કરવાનો નિર્ણય લેવાયો છે. જેના લીધે હવે ટેકનિકલ ખામીનો પ્રશ્ન પણ નિવારી શકાશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

**અરજદારોની રજુઆતોને ઝડપથી ન્યાય મળશે : વારંવાર સર્વર ડાઉન થવાની ફરિયાદો પણ દુર થશે**

શહેરના ગ માર્ગ પર સ્થિત નગરની હાઈટેક આર ટી ઓ કચેરીમાં છાશવારે સર્વર ડાઉન થવાના લીધે વહીવટી પ્રક્રીયા ઠપ્પ થઈ જાય છે. જયારે દુરથી આવતા અરજદારોએ પણ ધક્કે ચઢવાનો વારો આવે છે. આવા સંજોગોમાં ટેકનિકલ ખામીને નિવારવા માટે પણ આર ટી ઓ તંત્ર દ્વારા બી એસ એન એલની ઈન્ટરનેટ સુવિધા બંધ કરી જી ટી પી એલ નુ જોડાણ મેળવ્યુ છે. જેના લીધે રૂકાવટ વગરની ઈન્ટરનેટ સુવિધા પ્રાપ્ત થાય તો સર્વર ડાઉન થવા સહીત અન્ય ટેકનિકલ ખામીઓના લીધે અરજદારોના કામ અટવાય નહીં. શહેરમાં સ્થિત આર ટી ઓ કચેરીમાં છેલ્લા કેટલાક સમયથી અનેક સમસ્યાઓ અરજદારોના રોષનુ કારણ બની છે. મેન પાવર અને પાર્કીંગની સુવિધાના અભાવ વચ્ચે કાર્યરત આર ટી ઓ કચેરીની આસપાસ જ ટ્રાફિક નિયમનનુ સરેઆમ ઉલ્લંઘન થતુ હોવાના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જયારે આર ટી ઓ કચેરી બહાર તેમજ આંતરિક વિસ્તારમાં પણ આડેધડ વાહનોનો ખડકલો જોવા મળી રહ્યો છે. બીજીતરફ આર ટી ઓ કચેરીમાં આવતા અરજદારો ઈન્ટરનેટ સેવા ખોટવાતા પણ અટવાઈ પડે છે. આર ટી ઓ કચેરીનો વહીવટ છેલ્લા કેટલાક સમયથી ટેકનિકલ ખામીના લીધે ઠપ્પ થઈ જતો હોવાનુ પણ અનેકવાર પ્રકાશમાં આવ્યુ છે. આવા સંજોગોમાં અરજદારોને ઝડપી સેવા પુરી પાડવા તેમજ વહીવટી કામગીરીમાં ખલેલ ન પહોંચે તેવા આશયથી આર ટી ઓ દ્વારા બી એસ એન એલની ઈન્ટરનેટ સેવા બંધ કરી જી ટી પીએલની નેટ સેવા મેળવી ઝડપી સેવા પુરી પાડવા પ્રયાસ કરશે તેમ પણ જાણવા મળ્યુ છે.

# જિલ્લામાં ૪ આરોગ્ય કેન્દ્રો જર્જરિત થતાં ઉતારી લેવાશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં ૪ આરોગ્ય કેન્દ્ર અને સબસેન્ટરોના જર્જરિત બનેલા મકાનો ઉતારી અને તેના સ્થાને નવા બનાવવાનો મહત્વનો નિર્ણય જિલ્લા આરોગ્ય સમિતિની આજે મળેલ બેઠકમાં લેવાયો હતો.

આદરજ મોટી, હાજીપુર, પાનસર અને વડોદરાના સરકારી દવાખાનાઓને ઉતારી લેવામાં આવશે. જયારે ધાનજ, વેડા, આજોલ તથા પાટનાકુવાના નવા પી.એચ.સી. સંકુલો બનાવવામાં આવશે. આ માટેના ટેન્ડરો પણ જારી કરી દેવામાં આવ્યા છે.

જિલ્લા આરોગ્ય સમિતિના ચેરમેન નરેશજી ઠાકોરના અધ્યક્ષપદે મળેલી સમિતિની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યા હતા. આજે આરોગ્ય સમિતિના ચેરમેનની કચેરીમાં મળેલ આ બેઠકમાં જિલ્લામાં રોગચાળાની સ્થિતિ અંગે પણ ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં ગેરહાજર અધિકારીઓને લઈ સભ્યોએ નારાજગી વ્યક્ત કરી હતી. આ બેઠકમાં ધારીસણા-કોલવડામાં રોગચાળાની સ્થિતિ અંગે સમીક્ષા કરાઈ હતી.



શહેરમાં હજુ માંડ શાળાઓ ચાલુ થઈ છે પરંતુ વરસાદ ખેંચાવાને કારણે તથા સતત ગરમી-ઉકળાટના માહોલના પગલે શહેરીજનો હજુ ''વેકેશન મોડ''માં જોવા મળે છે. આ સ્થિતિમાં શહેરના સેક્ટર-૬ના મેદાનમાં ફનપાર્ક એટલે કે આનંદમેળાનું આગમન થયું છે જેમાં બાળકોથી માંડીને વડિલોને પણ ચગડોળ, ચકરડી, ઝુલતી નાવડી કે મોતના કુવા જેવા આકર્ષણો આકર્શતા હોય છે.

## રાષ્ટ્રદ્રોહના મામલામાં પાસના આગેવાન બાંભણિયાની ધરપકડ

અમદાવાદ, તા.૨૭

અમદાવાદમાં આજે પાટીદાર અનામત આંદોલન સમિતિના આગેવાન દિનેશ બાંભણિયા રાષ્ટ્રદ્રોહના કેસમાં કોર્ટની સુનાવણી દરમિયાન સતત ગેરહાજર રહેતા સેશન્સ કોર્ટે બાંભણીયા વિરૂધ્ધ ધરપકડ વોરંટ જારી કર્યું હતું. અદાલતના આ ધરપકડ વોરંટ અનુસંધાનમાં શહેર ક્રાઈમ બ્રાંચ દ્વારા આજે દિનેશ બાંભણીયાની અટકાયત કરી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે બાદમાં બાંભણીયાને શરતી જામીન પર મુકત કર્યા હતા. અલબત્ત કોર્ટે બાંભણીયાને એક હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. ખૂબ જ મહત્વના અને સંવેદનશીલ એવા રાજદ્રોહ કેસની સુનાવણી દરમ્યાન પાટીદાર અનામત આંદોલન સમિતિના આગેવાન દિનેશ બાંભણીયા દ્વારા સતત ગેરહાજર રહેતાં સેશન્સ કોર્ટે તેની ગંભીર નોંધ લીધી હતી.

## નદીના તટીય વિસ્તારો અને અર્બન ફલડીંગ માટે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટે સૂચનાઓ જારી કરી

ગાંધીનગર, તા. ૨૬

ભારત સરકારના નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા ચોમાસા દરમ્યાન નદીના તટીય પ્રદેશ અને અર્બન ફલડીંગ બાબતે ખાસ માર્ગદર્શક સૂચનાઓ જારી કરી અને વરસાદી પાણીના વ્યયને અટકાવવા તેમજ અર્બન ફલડીંગ માટે જરૂરી પગલાં લેવા જણાવ્યુ છે.

રાજયના મહેસુલ વિભાગે આ માર્ગદર્શક સૂચનાઓ તમામ કલેક્ટર, ડીડીઓ તેમજ મનપાના કમિશ્નરોને મોકલી આપી છે.

નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટે આ સૂચનાઓ વર્ષાઋતુના બદલાયેલા મિજાજને ધ્યાને રાખી અને બે વર્ષની જાહેરાતને અંતે તૈયાર કરી તે જારી કરી છે. જેમાં ટુંકાગાળાના પગલાં, મધ્યવર્તી પગલાં તેમજ કાયમી નિરાકરણ માટેના પગલાં એમ ત્રણ ભાગ પાડી આ સૂચનાઓ જારી કરી છે.

નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટે અર્બન ફલડીંગને લઈ ખાસ ચિંતાઓ વ્યક્ત કરી છે. શહેરમાં થોડાક ભારે વરસાદની સાથે જ ઠેર ઠેર પાણી ભરાઈ જવાની બાબતે તેમજ તેનાથી થતા નુકશાનોને લઈ તંત્રને અસરકારક પગલાંઓ લેવા માટે જણાવ્યુ છે.

આ માર્ગદર્શક સૂચનાઓમાં રિવરફ્રન્ટ ડેવલપ કરવામાં નદીની વહનશક્તિમાં ઘટાડો ના થાય તેના પર ખાસ મુકવામાં આવ્યો છે. આ ઉપરાંત શહેરી વિસ્તારોમાં ગટોરની સફાઈનું કામકાજ પણ અસરકારક રીતે થાય એટલુ જ નહિ પાણી ભરાઈ રહે નહિ તે રીતે તેની મોનીટરીંગ વ્યવસ્થા ઉભી કરવા જણાવાયુ છે.

ભારે વરસાદના દિવસોમાં નોડલ ઓફિસર અને કમિશ્નર તેમજ હવામાન વિભાગ સતત સંપર્ક જાળવી રાખે તેના પર પણ ભાર મુકવામાં આવ્યો છે. આ સૂચનાઓમાં એક ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરવા માટે પણ કહેવામાં આવ્યુ છે. ધરાશયી થયેલા મકાનોના મલબાના ઝડપી નિરાકરણ માટે પણ ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવે તેવો આગ્રહ કરવામાં આવ્યો છે. દરેક શહેરની ખાસ ઓપરેટીંગ પ્રોસિઝર પણ તૈયાર કરવામાં આવે તેમ પણ ભારપૂર્વક જણાવવામાં આવ્યુ છે.

# પાલજમાં પાણીની ૩૪ લાખના ખર્ચે નવી લાઈન નંખાશે

**દાયકાઓ જુની સિમેન્ટની લાઇન બદલી નવી લાઇન નાંખવામાં આવશે : પાણીની સમસ્યા હલ થશે**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરના પાલજ ગામમાં પાણીની પોકારને ડામવા માટે ટુંકમાં જ નવી લાઈન નાંખવાનુ કામ હાથ ધરાશે. પાલજમાં છેલ્લા કેટલાક સમયથી પાણી ન આવતુ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. થોડા સમય અગાઉ પણ ગ્રામજનોએ આ મામલે પાટનગર યોજના ભવનમાં હોબાળો મચાવી તંત્ર સમક્ષ ઉગ્ર રજુઆત કરી હતી. જેને ધ્યાને લઈ પાલજમાં પાણીની સમસ્યાને નિવારવા માટે સિમેન્ટના બદલે હવે લોખંડ તેમજ કાસ્ટ આયનની લાઈન નાંખવા માટે કામગીરી હાથ ધરાશે. જયારે આ કામગીરીના અંતે પાણીની ફરિયાદોનુ પણ નિવારણ આવશે.

ગાંધીનગર શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પાણીની સમસ્યા પેચીદી બનતી જાય છે. શહેરી વિસ્તારના ગામોમાં માળખાગત સુવિધાઓના હજુ પણ ઠેકાણા પડ્યા નથી. પાણી,રસ્તા ગટર સહીત સ્ટ્રીટ લાઈટની ફરિયાદો દિન પ્રતિદિન વધી રહી છે. ત્યારે શહેરી ગામોમાં પાણીની પોકાર પણ સ્થાનિકો માટે રોષનુ કારણ બની છે. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પાણીની સમસ્યાને ડામવા માટે અગાઉ પાણીના નવા બોર ,સંપ તેમજ ટાંકી બનાવાનુ કામ પણ હાથ ધરાયુ હતુ. જયારે હવે પાઈપલાઈનની કામગીરી પણ તબક્કારવા શરૂ કરાશે. છેલ્લા કેટલાક સમયથી પાલજમાં પાણીની સમસ્યા વકરી છે. પાલજમાં પાણી ન આવતુ હોવાના મામલે સ્થાનિકો આગ બબુલા બન્યા છે. આ અંગે થોડા સમય અગાઉ પણ સ્થાનિક ગ્રામજનોએ તંત્ર સમક્ષ રજુઆત કરી હતી. જયારે પાણીની પોકારને ડામવા માટે તંત્ર દ્વારા નવી લાઈનનુ કામ હાથ ધરવા માટે આયોજન કરાયુ છે. પાલજમાં હાલ દાયકાઓ જુની સિમેન્ટની લાઈન હયાત છે. જેના લીધે લાઈનમાં રીપેરીંગનુ કામ પણ મુશ્કેલ બન્યુ છે. જેથી પાણીની ફરિયાદો નિવારી શકાતી નથી. જયારે પાણી ફોર્સથી પણ આવતુ ન હોવાનુ મનાઈ રહ્યુ છે. જેને ધ્યાને લઈને તંત્ર દ્વારા ગામમાં ૧ કી મી ના વિસ્તારમાં ૧૫૦ ડાયામીટરની નવી લોખંડ તેમજ કાસ્ટ આયનની લાઈન નાંખવા માટે આયોજન કરાયુ છે.

આ અન્વયે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૩૪ લાખનો ખર્ચ કરાશે. જેના અંતે પાણીનો ફોર્સ પણ વધશે. આગામી દિવાળી પુર્વે આ કામ પુર્ણ કરી દેવાશે.


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૯, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેઝીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com